


# બાલિકા દિવસ નિમિત્તે લાખાપરમાં બાલિકાઓ માટે ટોયલેટનું લોકાર્પણ

ભુજ, રવિવાર

રાષ્ટ્રીય બાલિકા દિવસના અનુસંધાને લખપત તાલુકાના લાખાપર ગામે બાલિકાઓ માટે નિર્મિત ટોયલેટ યુનિટનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. સેવા ઈન્ટરનેશનલ ભારત દ્વારા સેવા યુ.એસ.એ.ના સહયોગથી લખપત તાલુકાના લાખાપર, દયાપર અને ગુનેરી ગામોમાં કુલ ચાર ટોયલેટ યુનિટનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનો મુખ્ય હેતુ બાલિકાઓની સ્વચ્છતા, સુરક્ષા તથા શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહન આપવાનો છે.

કાર્યક્રમમાં લાખાપર ગામના સરપંચ, બાલિકા પંચાયતના સરપંચ તથા સભ્યો, એસ.એમ.સી.ના પ્રમુખ, સેતુ સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ શાળાના શિક્ષકગણ હાજર રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત શાળામાં 'વોસ' ક્લબની રચના કરવામાં આવી, જેમાં ૩૦ સભ્યોની વ્યવસ્થાપક સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિને ટોયલેટની સફાઈ અને જાળવણી, મેસ્ટ્રોલ, હાઈજિન અન્ય જાગૃતિ કાર્યક્રમોનો  આયોજન માટે જવાબદારી સોંપવામાં આવી છે. શાળામાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધે તે હેતુસર સમયાંતરે જાગૃતિ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવશે. ગ્રામજનો તથા શાળા પરિવાર દ્વારા આભારની લાગણી વ્યકત કરવામાં આવી હતી.